ડીસામાં અધતન સુવિધા સભર બની રહેલ મુક્તિધામને એપીએમસી દ્વારા ૧૧ લાખનું અનુદાન મળ્યું

ડીસા માર્કેટયાર્ડના ચેરમેન માવજીભાઈ દેસાઈના હસ્તે ચેક અર્પણ કરાયો

ડીસા શહેરના વર્ષો જુના વાડીરોડ સ્મશાન ને મુક્તિધામ ચેરીટેબલ ટ્રસ્ટ ડીસા દ્વારા અધતન સુવિધા સભર બનાવવામાં આવી રહ્યું છે ત્યારે ડીસા માર્કેટયાર્ડ દ્વારા મુક્તિધામ ના વધો વિકાસ માટે રૂપિયા ૧૧ લાખ ના અનુદાન નો ચેક અર્પણ કરવામાં આવ્યો હતો. ડીસાના વાડીરોડ વિસ્તારમાં કરોડો રૂપિયાના ખર્ચે અધતન સુવિધા સભર મુક્તિધામ (સ્મશાન ગૃહ) ને વિકસાવવા માટે ડીસાના ધારાસભ્ય શશીકાંત પંડ્યા તેમજ મુક્તિધામ ચેરીટેબલ ટ્રસ્ટ ડીસા દ્વારા મહા અભિયાન હાથ ધરવામાં આવ્યું છે. જે અંતર્ગત મુક્તિધામ ની કામગીરી થી પ્રભાવિત થઈ ડીસા માર્કેટયાર્ડ ના ચેરમેન માવજીભાઈ દેસાઈ દ્વારા પણ મુક્તિ ધામ ચેરીટેબલ ટ્રસ્ટ ડીસા ને રૂપિયા ૧૧ લાખના અનુદાન ની જાહેરાત કરવામાં આવી હતી. આથી બુધવારે ડીસા માર્કેટયાર્ડ ના ચેરમેન માવજીભાઈ દેસાઈ ના હસ્તે તેમજ સેક્રેટરી એ.એન.જોષી અને ડીરેકટર રેવાભાઈ દેસાઈ ની ઉપસ્થિતિમાં રૂપિયા ૧૧ લાખના અનુદાન નો ચેક ડીસાના ધારાસભ્ય શશીકાંતભાઈ પંડ્યા ને અર્પણ કરવામાં આવ્યો હતો.

ધનસુરા તાલુકામાં ૧૨ થી ૧૪ વર્ષના ૨૩૦૦ થી વધુ બાળકોને કોરોના રસીનો બીજો ડોઝ અપાયો

ધનસુરા તાલુકા માં ૧૨ થી ૧૪ વર્ષની વય જુથના ૨૩૪૨ થી વધુ બાળકોને કોરોના ની રસીનો બીજો ડોઝ અપાયો છે.તાલુકામાં ૧૨ થી ૧૪ વર્ષની વય જુથના ૪૫૬૮ બાળકો ને કૉર્બેવેક્સ વેક્સિન નો પ્રથમ ડોઝ આપવામાં આવ્યો હતો.હાલ ધનસુરા તાલુકા માં આકરુન્દ પી.એચ.સી વિસ્તારમાં ૫૭૨ બાળકો ને બીજો ડોઝ આપવામાં આવ્યો છે તો ભેંસાવાડા પી.એચ.સી વિસ્તારમાં ૮૧૩,શીકા પી.એચ.સી વિસ્તાર માં ૫૭૧ અને વડાગામ પી.એચ.સી વિસ્તાર માં ૩૮૬ મળી ધનસુરા તાલુકા માં ૨૩૪૨ બાળકો ને રસી નો બીજો ડોઝ આપવામાં આવ્યો છે.આરોગ્યતંત્ર દ્વારા આ માટે કામગીરી હાથ ધરાઇ છે.તાલુકામાં પ્રાથમિક શાળાઓ, હાઈસ્કૂલ સહિત વિવિધ જગ્યાએ રસીકરણ કરવામાં આવી રહ્યું છે જેમાં અત્યાર સુધી ૨૩૪૨ બાળકોને કૉર્બેવેક્સ વેક્સીનનો બીજો ડોઝ આપવામાં આવેલ છે.જેમાં બાળકો પણ ઉત્સાહ પૂર્વક ભાગ લઈ રહ્યા છે. અને સરકાર ની ગાઈડ લાઈન મુજબ હાલ માં રસીકરણ કરવામાં આવી રહ્યું છે જિલ્લા આરોગ્ય અધિકારી ડો.આર.જી.શ્રીમાળી ના માર્ગદર્શન હેઠળ તથા કૌશલભાઈ પટેલ,ધનસુરા તાલુકા હેલ્થ ઓફિસર જે.કે.પ્રણામી તથા તાલુકા ના મેડિકલ ઓફિસરશ્રી ઓ અને આરોગ્ય કર્મચારીઓ દ્વારા સુંદર કામગીરી કરાઇ રહી છે.તંત્ર દ્વારા ૧૨ થી ૧૪ વર્ષના વય જુથના બાળકોનું કોવિડ-૧૯ રસીકરણ'' કરવાનું આરોગ્ય શાખા અરવલ્લી જિલ્લા પંચાયત દ્વારા સુનિશ્ચિત આયોજન કરવામાં આવ્યુ છે.

રેફરલ હોસ્પિટલના ડોકટર મિતેશભાઈ ડાભીનો વિદાય સમારંભ યોજાયો

છેલ્લા કેટલાય વર્ષથી ધાનેરાની રેફરલ હોસ્પિટલમાં ડોકટર તરીકે મિતેશભાઇ ડાભી ફરજ બજાવી રહ્યા હતા પરંતુ તેમની બદલી ચંડીસર ખાતે થતા આજે ધાનેરાની વૃંદાવન હોટલ ખાતે તેમનો વિદાય સમારંભ યોજાયો હતો. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે , લોકોએ તેમજ હોસ્પિટલના સ્ટાફ સહિત આરોગ્ય અધિકારીએ ડોકટર મિતેશભાઈ ડાભી ને વિદાય આપી હતી અને પ્રગતિને શુભકામનાઓ પણ પાઠવી હતી ત્યારે આ કાર્યક્રમમાં ધાનેરા તાલુકા હેલ્થ ઓફિસર લક્ષ્મીકાંત સોમાણી રેફરલ હોસ્પિટલ ના ડો.શૈલેન્દ્રસિંહ પરમાર ડોક્ટર રવિભાઈ ગમાર ડો.વિશાલભાઈ પટેલ હોસ્પિટલ ના સ્ટાફ સહિતના લોકો ઉપસ્થિત રહ્યા હતા.

ધાનેરા પ્રાંત અધિકારીએ રોયેલ્ટી ભર્યા વગરના ખનીજ ચોરીના ત્રણ ડમ્પરો ઝડપ્યા..!

ધાનેરામાં રોયેલ્ટી ભર્યા વગરના બેફામ પણે રેતીના ડમ્પરો રાત દિવસ દોડી રહ્યા છે. આ અંગે વધુ વિગતો આપતાં અમારા ધાનેરાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ,આ ડમ્પર ચાલકો અમુક સમયે ધાનેરાની ગીચ બજારોમાંથી પણ બેફામપણે દોડતા હોય છે પરંતુ ખાણ અને ખનીજ વિભાગની મીલીભગતથી આ રેત માફીયાઓ સામે કોઈ જ કાર્યવાહી કરવામાં આવતી નથી ત્યારે આજે બીન સચિવાલયની પરીક્ષાઓ હોવાથી પરીક્ષા કેન્દ્રો પર ધાનેરા નાયબ કલેકટરશ્રી દ્વારા નિરીક્ષણ માટે સ્કુલ કોલેજમાં જતા નવીન બનેલ ઓવરબ્રીજ પરથી ડીસા તરફથી આવતા ડમ્પરોને શંકાના આધારે અટકાવી તપાસ હાથ ધરતાં ત્રણે ડમ્પરો રોયલ્ટી ભર્યા વગર રેતીની હેરાફેરી કરતા હોવાનું જણાતા ત્રણે ડમ્પરો અને બમ્પર ચાલકોને ઝડપી પોલીસ સ્ટેશનમાં લાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.આ ત્રણ ડમ્પરો ધાનેરા નાયબ કલેકટરશ્રી દ્વારા ઝડપવામાં આવતા રેત માફીયાઓમાં ફફડાટ વ્યાપી ગયો હતો.

ઉત્તર ગુજરાતમાં ભયંકર બફારાથી પ્રજા આકુળ વ્યાકુળ: દિવસ-રાત સતત ધમધમતા ઠંડક આપતા ઉપકરણો

ઉત્તર ગુજરાતમાં લમણા શેકતી ગરમી અને ભયંકર બફારાથી પ્રજા આકુળ-વ્યાકુળ બની છે. ગરમી તેની ચરમ સીમાએ હોવાથી શુભ પ્રસંગોમાં પણ પાંખી હાજરી જોવા મળી છે. ભયંકર બફારાના કારણે ઠંડક મેળવવા માટે પ્રજા દિવસ-રાત ઠંડક આપતાં ઉપકરણોના સહારે થઈ જતાં દિવસ-રાત સતત ઉપકરણો ધમધમી રહ્યાં છે અને વિજ માંગમાં વધારો થયો છે. સતત ૪૩ ડીગ્રી તાપમાન અને હવામાં ભેજનું પ્રમાણ વધતાં બફારાએ પ્રજાને ઘર અને ઘરની બહાર પણ મુશ્કેલ સ્થિતિમાં લાવી દીધા છે. છેલ્લા સપ્તાહથી સતત બફારાનું પ્રમાણ વધ્યું છે. ખેડૂતો બફારો વધતાં તેને વરસાદની સીસ્ટમ આકાર લઈ રહ્યાનું જણાવી રહ્યા છે પરંતુ ભયંકર બફારાએ બાળકો, યુવાનો અને વૃદ્ધોને આકુળ વ્યાકુળ કરી મૂક્યા છે. સતત વધી રહેલા બફારાના કારણે ડાયાબીટીશ, હૃદય રોગના દર્દીઓની મુશ્કેલીમાં વધારો થયો છે. ઉત્તર ગુજરાતમાં આવેલી હાર્ટ હોસ્પિટલોમાં પણ ગભરામણવાળા દર્દીઓની સંખ્યામાં વધારો થયાનું ખાનગી તબીબો જણાવી રહ્યા છે. સતત બફારા અને ગરમીના કારણે પાણીનો વપરાશ ૨ થી ૩ ગણો વધ્યો છે. એક તરફ ઉત્તર ગુજરાતમાં પીવાના પાણીનું સંકટ ઘેરાયું છે ત્યારે આકાશમાંથી કુદરતના વછૂટી રહેલા અગન ગોળાના કારણે પ્રજા આકાશ અને ધરતી એ બંન્નેથી આકુળ વ્યાકુળ જોવા મળી રહી છે. ગરમી અને બફારાનું પ્રમાણ વધતાં મૂંગા પશુ-પંખીઓની હાલત પણ દયનીય જોવા મળી રહી છે. બાયડ સહિતના અનેક વિસ્તારોમાં સેવાભાવિ સંસ્થાઓ દ્વારા મૂંગા પક્ષીઓ માટે માળાઓનું વિતરણ હાથ ધરવામાં આવ્યું છે.

અરવલ્લી એલ.સી.બી.ની ટીમને રાજસ્થાનના રીઢા તસ્કરને દબોચવામાં સફળતા મળી

ઘોલવાણી પાસે વોચ ગોઠવતાં તસ્કર સોના-ચાંદીના દાગીના સહિત ૪ ૨.૪૮ લાખના મુદ્દામાલ સાથે જબ્બે : ચોરીનો મુદ્દામાલ વેચવા જતાં એલ.સી.બી.ના સકંજામાં

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭ અરવલ્લી એલ.સી.બી.ની ટીમને રાજસ્થાનના રીઢા તસ્કરને દબોચી લેવામાં સફળતા મળી છે. ભિલોડાના ધોલવાણી ત્રણ રસ્તા પાસે પોલીસે વોચ ગોઠવી ૪ ૨.૪૮ લાખના સોના-ચાંદીના દાગીના સહિતના મુદ્દામાલ સાથે રાજસ્થાનના ખડકાયાના તસ્કરને ઝડપી લોકઅપમાં ધકેલ્યો છે. પોલીસે વિઠોડા અને ભિલોડાની તસ્કરીમાં સામેલ તસ્કરને ઝડપી લેવામાં સફળતા મળતાં અન્ય ચોરીનો ભેદ ઉકેલાઈ શકે છે. પોલીસની પ્રાથમિક તપાસમાં સાબરકાંઠા, અરવલ્લીના ગુનામાં તસ્કર સંડોવાયો હોવાનું બહાર આવ્યું છે.

પોલીસના નાઈટ પેટ્રોલીંગ વચ્ચે પણ તસ્કરીના બનાવો ગ્રાફ ઉંચકાઈ રહ્યો છે, ઘરફોડ ચોરીના બનાવોને અંજામ આપનાર ટોળકીએ પોલીસના નાકે દમ લાવી દીધો હતો પરંતુ અરવલ્લી એલ.સી.બી. ની ટીમે બાતમીના આધારે ભિલોડાના ધોલવાણી ત્રણ રસ્તા પાસે વોચ ગોઠવતાં રાજસ્થાનના ખડકાયાનો રીઢો તસ્કર દશરથ ભુરાભાઈ ડામોર બાઈક ઉપર ચોરીનો મુદ્દામાલ વેચવા જતાં આબાદ ઝડપાઈ ગયો. પોલીસે તલાશી લેતાં તેની પાસેથી ૪ ૨.૪૮ લાખના ચોરીના સોના-ચાંદીના દાગીના મળી આવ્યા હતા જેથી તસ્કરને લોકઅપમાં ધકેલી વધુ પૂછપરછ કરવામાં આવતાં ભિલોડા અને ચિઠોડા પોલીસ સ્ટેશનની હદમાં નોંધાયેલા ઘરફોડ ચોરીના બે ગુના હાલ ઉકેલાયા છે. જ્યારે ઝડપાયેલ તસ્કર સાથે અન્ય ૫ તસ્કરોના નામ ખૂલતાં પોલીસે વોન્ટેડ જાહેર કરી શોધખોળ શરુ કરી છે. એલ.સી.બી.ની પ્રાથમિક તપાસમાં સદર તસ્કર અરવલ્લી ઉપરાંત સાબરકાંઠા જિલ્લાના અન્ય ૬ ગુનામાં સંડોવાયો હોવાનું બહાર આવ્યું છે. છેલ્લા ઘણા સમયથી ખાસ કરીને ભિલોડા પોલીસ સ્ટેશનની હદમાં તસ્કર ટોળકીએ તરખાટ મચાવતાં સ્થાનિક પોલીસ ઉપર પસ્તાળ શરુ થઈ હતી પરંતુ આખરે એલ.સી.બી એ હ્યુમન ઈન્ટેલીજન્સ, ટેકનિકલ સર્વેલન્સ અને બાતમીદારોની સહાયથી બુઢેલી ગામે બંધ મકાનમાં ચોરી કરનાર ગેંગના રાજસ્થાની સાગરીતને દબોચવામાં સફળતા મળી છે.

બુબડીયાના છાપરા આંગણવાડી કેન્દ્રનો તપાસ અહેવાલ ડી.ડી.ઓ.ને સોંપાયો

સરપંચ-ગ્રામજનોના નિવેદનો મહત્વના સાબિત થશે

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭ ખેડબ્રહ્મા તાલુકાની નવામોટા બુબડીયાના છાપરા આંગણવાડી કેન્દ્ર-૧ ને ફાળવામાં આવેલ તેલના ડબાં સગેવગે કરવાના પ્રકરણમાં તપાસ અહેવાલ ડી.ડી.ઓ.ને સુપ્રત કરવામાં આવ્યો છે જેમાં સરપંચ સહિત ૨૦ થી પણ વધુ ગ્રામજનોના ગેરરીતીના નિવેદનો મહત્વનાં સાબિત થઈ શકે છે. જિલ્લા ઉપરાંત તેલના ડબા ગાયબ કરવાના પ્રકરણની નોંધ ગાંધીનગર સુધી લેવાઈ છે જેના કારણે જવાબદાર આંગણવાડી કાર્યકર સામે ગમે તે ઘડીએ શિક્ષાત્મક કાર્યવાહી થઈ શકે છે. ગ્રામજનોએ નિવેદન આપ્યા બાદ ઘણા સમયથી આંગણવાડી કેન્દ્રમાં સદર આંગણવાડી કાર્યકર ગેરરીતી આચરતા હોવાથી તપાસના અંતે બરખાસ્ત કરવાની બુલંદ માંગ કરી છે.

જિલ્લાના આદિવાસી વિસ્તારોમાં ચાલતા આંગણવાડી કેન્દ્રમાં ફાળવામાં આવેલ તેલના ડબા ખુદ આંગણવાડી કાર્યકરબહેને સગેવગે કરવાનો પ્રયાસ કર્યા પછી એક દુકાનમાંથી જાગૃત નાગરિકોએ જનતા રેડના સ્વરુપમાં તેલના ડબા જપ્ત કરી ઉચ્ચ કક્ષાએ યોગ્ય પુરાવા સાથે રજૂઆત કરતાં તંત્રમાં હડકંપ મચી ગયો હતો. તેલના ૪ ડબા દુકાનમાં મૂકવામાં આવ્યા હોવાના આક્ષેપ સાથેના વિડીયો સોશ્યલ મીડીયામાં વાયરલ થતાં તંત્ર હરકતમાં આવ્યું હતું જેમાં ઈન્ચાર્જ સી.ડી.પી.ઓ. અલ્પાબેન પટેલ દ્વારા તપાસ શરુ કરવામાં આવી હતી. દુકાનમાં જ દુકાનદારના નિવેદનો નોંધવાની સાથે ગેરરીતીના પડઘા ગાંધીનગર સુધી પડડ્યા પછી તપાસ અહેવાલ માંધવામાં આવતાં ગ્રામજનોના નિવેદન લેવાની શરુઆત થઈ. ૨૦ થી પણ વધુ ગ્રામજનોએ આપેલા નિવેદનમાં આંગણવાડી કેન્દ્રમાં ગેરરીતી થતી હોવાના સનસનીખેજ આરોપ કર્યો છે. તપાસના અંતે ઈન્ચાર્જ



તપાસ અહેવાલ ડી.ડી.ઓ. અને સ્ટેટમાં મોકલી આપ્યો છે – ઈન્ચાર્જ સી.ડી.પી.ઓ.

ઈન્ચાર્જ સી.ડી.પી.ઓ. અલ્પાબેન પટેલે જણાવ્યું કે નવામોટા બુબડીયાના છાપરા આંગણવાડી કેન્દ્રમાં તેલના ડબા ગાયબ થવાની તપાસમાં ગ્રામજનોએ આંગણવાડી કાર્યકર સામે ગેરરીતીના આરોપ કરી નિવેદનો આપ્યાં છે. અમે તપાસ અહેવાલ તૈયાર કરી ડી.ડી.ઓ. તેમજ મહિલા અને બાળ વિકાસ વિભાગ-ગાંધીનગરને મોકલી આપ્યો છે.

મધ્યાહન ભોજન કેન્દ્રો પછી આંગણવાડી કેન્દ્રમાં અનેક ગેરરીતી આચરવામાં આવતી હોવાની ફરિયાદોનું સ્થાનિક કક્ષાએ જ અદ્ભુતમ કેશવમ થઈ જતું હોય છે. સાચી ફરિયાદોને તપાસ થતી ન હોવાથી ભ્રષ્ટાચારીઓને છુટો દોર મળ્યો છે. તાલુકાના નવામોટા બુબડીયાના છાપરા સી.ડી.પી.. દ્વારા સમગ્ર તપાસ અહેવાલ સાબરકાંઠા ડી.ડી.ઓ. ડી.એચ. શાહ સમક્ષ રજૂ કરવામાં આવ્યો હોવાનું જાણવા મળ્યું છે. જ્યારે એક અહેવાલ મહિલા બાળ વિકાસ વિભાગ-ગાંધીનગરને પણ મોકલવામાં આવતાં ગેરરીતી આચરનાર મહિલા આંગણવાડી કાર્યકરની ફરજ ઉપર જોખમ ઉભું થયું છે.

સાબરકાંઠા, અરવલ્લીમાં ફૂડ વિભાગની કામગીરીને આરોગ્ય મેળાનું ગ્રહણ

બળબળતા ઉનાળામાં અખાદ્ય પીણાના વેચાણમાં ઉછાળો છતાં છેલ્લા એક અઠવાડીયાથી સેમ્પલ લેવાની કામગીરી ઠપ્પ

બાયડ (બ્યુરો ઓફિસ) તા.૨૭ સાબરકાંઠા, અરવલ્લી જિલ્લામાં ફૂડ વિભાગની કામગીરીને આરોગ્ય મેળાનું ગ્રહણ લાગ્યું છે. સરકારે ફૂડ સેફટી માટે ફૂડ ટેસ્ટીંગ વાહન ફાળવી ભેળસેળીયાઓને નશ્યત કરવા માટે પહેલ કરી પરંતુ છેલ્લા એક અઠવાડીયાથી ફૂડ વિભાગનાં તમામ સ્ટાફ આરોગ્ય મેળામાં સામેલ થતાં એક અઠવાડીયાથી ખાદ્ય સામગ્રીના સેમ્પલ લેવાની કામગીરી ઠપ્પ થઈ છે. જિલ્લામાં તાલુકા અને જિલ્લા કક્ષાના આરોગ્ય મેળાના આયોજન થઈ રહ્યું છે. સરકારના અધિકારી-પદાધિકારીઓ આ મેળાની મુલાકાત લેતા હોવાથી સરકારના વિવિધ વિભાગોની ખાસ ઉપસ્થિતિ આરોગ્ય મેળામાં રહેતી હોય છે. બંને જિલ્લામાં આયોજીત થઈ રહેલા આરોગ્ય મેળાઓમાં જિલ્લા પુરવઠા તંત્રના અધિકારી-કર્મચારીઓને ઉપસ્થિત ફરજીયાત રહેવું પડતું હોવાથી ફૂડ વિભાગની કામગીરીને અસર થઈ છે. જિલ્લામાં સરકાર દ્વારા તાજેતરમાં જ ખાદ્ય ચીજવસ્તુઓમાં ભેળસેળ પકડવા માટે ફૂડ સેફટી વ્હીકલ ફાળવામાં આવતાં ટીમ દ્વારા તાલુકા મથકોએ તેલ, દુધ તેમજ અન્ય ખાદ્ય સામગ્રીના સેમ્પલ ચકાસવાની શરુઆત કરવામાં આવતાં પ્રજાને શુદ્ધ ચીજવસ્તુઓ મળી રહેશે તેવો આશાવાદ પ્રજામાં જાગ્યો પરંતુ ટૂંક સમયમાં જ તેનું બાળમરણ થયું હોય તેવી સ્થિતિ આરોગ્ય મેળાઓના કારણે ઉદ્ભવી છે. આયોજીત થતા આરોગ્ય મેળામાં ૬ ફૂડ ઈન્સ્પેક્ટરો સહિત આરોગ્ય અધિકારીને સામેલ કરવામાં આવતાં જિલ્લાના બાયડ, ધનસુરા, મોડાસા, માલપુર, મેઘરજ, ભિલોડા, હિંમતનગર, ઈડર, ખેડબ્રહ્મા, તલોદ, પ્રાંતિજ સહિતના વિસ્તારોમાં ફૂડ વિભાગની ટીમાં એક અઠવાડીયાથી સેમ્પલની કામગીરી માટે જઈ શકી નથી. ટૂંકમાં આરોગ્ય મેળાના કારણે ફૂડ વિભાગની દૈનિક કામગીરી લગભગ ઠપ્પ થઈ છે.

સમગ્ર સ્ટાફ આરોગ્ય મેળાઓમાં સામેલ

જિલ્લા ફૂડ વિભાગના ડેઝેટેડ ઓફીસર બી.એમ.ગણાવાએ જણાવ્યું કે બંને જિલ્લામાં હાલ આરોગ્ય મેળાઓ ચાલી રહ્યા છે. જેમાં ફૂડ વિભાગના તમામ સ્ટાફ સામેલ કરવામાં આવ્યો હોવાથી ખાદ્ય ચીજવસ્તુઓના સેમ્પલ લેવાની કામગીરી હાલ બંધ છે પરંતુ ટૂંક સમયમાં જ ફૂડ ઈન્સ્પેક્ટરો દ્વારા સેમ્પલ લેવાની કામગીરી હાથ ધરાશે.

પ્રાંતિજના અંબાવાડા ખાતે એક જ સમાજના બે જુથ વચ્ચે સામ-સામે પોલીસ ફરિયાદ થઈ

જુથ અથડામણમા મહિલાઓ પુરુષો સહિત કુલ-૧૪ લોકોને ઇજાઓ પોહચતા સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા : ઇજાગ્રસ્તોને પ્રાંતિજ-હિંમતનગર ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા : કુલ-૨૪ લોકો સામે પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા પોલીસ ફરિયાદ થઈ : પ્રાંતિજ પોલીસે સામ-સામે ફરિયાદ લખી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી

પ્રાંતિજ તા.૨૭ સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના અંબાવાડા ખાતે સામાન્ય વાતમા બોલાચાલી બાદ બીજાદિવસે મામલો બિચક્યો હતો જેમા સામસામે પથ્થર મારા મા બન્ને પક્ષ દ્વારા સામસામે પોલીસ ફરિયાદ થઈ જેમા કુલ-૨૪ લોકો સામ-સામે પોલીસ ફરિયાદ થઈ

પ્રાંતિજ ના અંબાવાડા ખાતે તા ૨૫।૪।૨૦૨૨ ના રોજ ગામમા વરઘોડો નિકળ્યો હતો તો તે દરમ્યાન ગામનાજ પ્રતાપસિંહ વિક્રમસિહ રાઠોડ પોતાની ઈકો કાર નંબર જી.જે. ૦૯ બી.ડી ૪૩૩૧ ઈકો કાર ઝડપથી નિકળી હતી અને થોડીવાર બાદ ફરીથી ઝડપથી ઈકોકાર નિકાળી હતી જેથી ભીખુસિંહ જવાનસિંહ સોલંકી ઈકોકાર ધીમી ચલાવવાનુ કહેતા તે વખતે ભીખુસિંહ સાથે ઈકોકાર ચાલક પ્રતાપસિંહ વિક્રમસિહ રાઠોડ સાથે બોલાચાલી થયેલ અને જેની અદાવત રાખી આરોપીઓ એક સંપ થઈ પોતાનો સમાન ઈરાદો પાર પાડવા સારુ ગેરકાયદેસર મંડળી રચી હાથમા લાકડીઓ તેમજ લોખંડ ની પાઈપ લઈ આવી મનુંસિહ જોરસિહ રાઠોડ દ્વારા ભીખુસિંહ ને લોખંડ ની પાઈપ વડે જમણા હાથે ફ્રેકચર તથા સાથે આવેલ વિલાસસિંહ રણજીતસિંહ રાઠોડ દ્વારા લાકડી વડે મારમારો ઈજા કરી તેમજ આરોપીઓ દ્વારા છુટા પથ્થર તથા ઈંટો તેમજ લાકડીઓ વડે મારમારી ઈજાઓ કરી ગાળો-બોલી જાનથી મારી નાખવાની ધમકીઓ આપતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા ૧૪ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ કરી હતી જેમા વિક્રમસિંહ ગલાબસિંહ રાઠોડ, પ્રતાપસિંહ વિક્રમસિહ રાઠોડ, બાલદિપકસિંહ વિક્રમસિહ રાઠોડ, રણજીતસિંહ ગલાબસિંહ રાઠોડ, વિશાલસિંહ રણજીતસિંહ રાઠોડ, લીલસિંહ અગરસિહ રાઠોડ, મનુસિંહ જોરસિંહ રાઠોડ, દિગ્વિજયસિંહ મનુસિંહ રાઠોડ , ગલાબસિંહ રૂપસિંહ રાઠોડ , રોહિતસિંહ લીલસિંહ રાઠોડ , સાગરસિંહ પોપટસિંહ રાઠોડ , સંજયસિંહ પોપટસિંહ રાઠોડ , જગીબેન વિક્રમસિહ રાઠોડ , અનિલસિંહ દશરથસિંહ રાઠોડ તમામે-તમામ રહે અંબાવાડા તા.પ્રાંતિજ જિ.સાબરકાંઠા જયારે પ્રતાપસિંહ વિક્રમસિહ રાઠોડ દ્વારા પણ પોલીસ ફરિયાદ કરવામા આવી હતી જેમા તેવો દુધ ડેરી મા હિંમતનગર દુધ ભરાવા નિકળેલ હોય અને ગામમા અનિલ સિંહ તથા રાકેશ સિંહ પરમાર નો વરઘોડો નિકળ્યો હોય ગાડી નુ હોર્ન મારતા વરઘોડા ના માણસો પ્રતાપસિંહ સાથે બોલાચાલી કરી ગોળો બોલતા બીજા દિવસે પ્રતાપસિંહ તથા કુટુંબના બીજા માણસો આરોપીઓના કુટુંબ ના માણસો ને કહેવા જતા આ કામના આરોપીઓ કિશનસિંહ ભીખુસિંહ સોલંકી, વિશાલસિંહ લક્ષ્મણસિંહ સોલંકી, ભીખુસિંહ જવાનસિંહ સોલંકી, લક્ષ્મણસિંહ જવાનસિંહ સોલંકી, અજમેલસિંહ જવાનસિંહ સોલંકી, જનકસિંહ અજમેલસિંહ સોલંકી , વિષ્ણસિંહ અજમેલસિંહ સોલંકી, અજયસિંહ પ્રતાપસિંહ સોલંકી, રામસિંહ કાળુસિંહ ચૌહાણ, ઉષાબેન લક્ષ્મણસિંહ સોલંકી તમામે-તમામ રહે અંબાવાડા તા.પ્રાંતિજ જિ. સાબરકાંઠા તમામે-તમામ એક સપ થઈ ને ગેરકાયદેસર મંડળી રચી મારક હથિયારો લઈ પ્રતાપસિંહ તથા કુટુંબીઓને સાથે ઝગડો કરી વિભત્સ ગાળો બોલી લાકડીઓ વડે મારમારી છૂટા પથ્થરો તથા ઈંટો મારી હાથે પગે તથા માથાના ભાગે ઈજાઓ કરી જાનથી મારી નાખવાની ધમકીઓ આપી જયારે સામ-સામે પથ્થર મારામા મહિલાઓ પુરૂષો સહિત કુલ ૧૪લોકોને ઈજાઓ પોહચી હતી જેમા ઈજા ગસ્તો ને ૧૦૮ મારફતે પ્રાંતિજ સિવિલ ખાતે સારવાર અર્થે લાવવામા આવ્યા હતા જેમા બે ને વધુ ઈજાઓ થતા હિંમતનગર સિવિલ ખાતે સારવાર અર્થે ખસેડવામા આવ્યા હતા બન્ને પક્ષો દ્વારા જિલ્લા મેજિસ્ટ્રેટ સાહેબ ના જાહેર નામાનો ભંગ થતા પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા બન્ને પક્ષો દ્વારા સામ-સામે પોલીસ ફરિયાદ કરાતા પ્રાંતિજ પોલીસે આઈપીસી કલમ ૧૪૩,૧૪૭,૧૪૮,૧૪૯, ૩૨૩, ૩૨૪,૩૨૫, ૩૩૭, ૫૦૪,૫૦૬, (૨) જી.પી.એક્ટ ૧૩૫ મુજબ બન્ને પક્ષો વિરૂધ્ધ ગુનો નોંધી આગળ ની તપાસ પ્રાંતિજ પોલીસ સ્ટેશન ના પીએસઆઈ એસ.જે.ગોસ્વામી દ્વારા તપાસ હાથ ધરવામા આવી હતી અને બન્ને પક્ષે થઈ ને પ્રાંતિજ પોલીસ દ્વારા ૧૩ લોકો ની અટકાયત કરવામા આવી છે

ઇજાગ્રસ્તોના નામ

જગીબેન વિક્રમસિહ રાઠોડ, વિક્રમસિંહ પ્રતાપસિંહ રાઠોડ, મનુસિંહ જોરસિંહ રાઠોડ, દિગ્વિજયસિંહ મનુસિંહ રાઠોડ, ગલાબસિંહ રૂપસિંહ રાઠોડ, રણજીતસિંહ ગલાબસિંહ રાઠોડ, વિશાલસિંહ રણજીતસિંહ રાઠોડ

ખેડૂતોમાં આનંદ

મેશ્વો ડેમમાંથી ૨૫ ક્યુસેક પાણી નદીમાં છોડાયું : ૯૦ દિવસ સુધી પાણી છોડવામાં આવશે, કુવા અને બોરના સ્તર ઉંચકાશે



મોડાસા, તા. ૨૭ ઉનાળો આકારો બન્યો છે જીલ્લાના અનેક ગ્રામ્ય વિસ્તારોમાં પીવાના અને રોજિંદી વપરાશના પાણીની તંગી સર્જાઈ છે ગત વર્ષે નહિવત વરસાદ થતા અને ધોમધખતા ઉનાળામાં કુવા અને બોરમાં પાણીના સ્તર તળિયે જતા ખેડૂતોને ખેતી માટે અને પશુપાલકોને પશુઓ માટે પાણીની ભારે તંગીથી ખેડૂતો નિઃસહાય બન્યા છે ત્યારે મેશ્વો ડેમમાંથી બુધવારે ૨૫ ક્યુસેક પાણી છોડવામાં આવતા ખેડૂતોમાં આનંદ છવાયો હતો ડેમમાંથી પાણી છોડાતા જીલ્લા ભાજપના હોદ્દેદારો અને સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. મેશ્વો ડેમમાંથી નદીમાં પાણી છોડવાની માંગ સતત થતા આખરે જવાબદાર તંત્રએ બુધવારે ૨૫ ક્યુસેક પાણી છોડતા નિર્જીવ બનેલી મેશ્વો નદી સજીવ બની હતી મેશ્વો ડેમમાંથી સતત ૯૦ દિવસ ૨૫ ક્યુસેક પાણી છોડવામાં આવશે મેશ્વો નદીમાં પાણી છોડતા નદી કિનારાની આસપાસના કુવા અને પાણીના સ્તર ઉંચા આવતા ખેડૂતોનો ખેતરમાં ધોમધખતા તડકામાં બળતા પાકને નવજીવન મળી રહેશે ભર ઉનાળે પાણી છોડવામાં આવતા પશુ પંખીઓને પણ કાળઝાળ ગરમીમાં રાહત મળી રહશે.

અરવલ્લી : LCB પોલીસે શાકભાજીના ફેરિયા બની અડધા કરોડની ચોરી કરનાર ગેંગના સાગરીતને MPથી દબોચ્યો

મોડાસા, તા. ૨૭ બાયડ તાલુકાના ડેમાઈ ગામે એક મહિના અગાઉ જય ચામુંડા જવેલર્સ નામની દુકાનમાં તસ્કરો ત્રાટકી અધધ ૪૫ લાખ રૂપિયાના સોના-ચાંદીના દાગીનાની ચોરી કરી તસ્કર ટોળકી પલાયન થતા બાયડ પોલીસ સહીત જીલ્લા એલસીબી પોલીસે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો દુકાનમાં લાગેલ તસ્કરો સીસીટીવી કેમેરામાં કેદ થતા પોલીસે ચોરીની ઘટનામાં આંતરાજ્ય તસ્કર ટોળકી હોવાની પ્રાથમીક તપાસમાં બહાર આવ્યું હતું ઘટનાની ગંભીરતા સમજી જી સંજય ખરાતે એલસીબી પોલીસને તપાસ સોંપતા એલસીબી પોલીસે અડધા કરોડની ચોરીમાં સંડોવાયેલ મધ્યપ્રદેશની ગેંગના સાગરીતને પોલીસે વિવિધ વેશ ધારણ કરી અર્ટિગા કાર સાથે દબોચી લીધો હતો આ ગુન્હામાં સંડોવાયેલ ૫ આરોપીઓને ઝડપી પાડવા કવાયત તેજ કરી છે. ડેમાઈ ગામે જય ચામુંડા જવેલર્સમાં ૪૫ લાખ રૂપિયાના સોના ચાંદીના દાગીનાની ચોરી થતા તેની તપાસ જીલ્લા ન્ઝ્મ પોલીસને સોંપતા પોલીસે દુકાનમાં સીસીટીવી કેમરામાં કેદ થયેલ

તસ્કરોને ઝડપી પાડવા આજુબાજુના વિસ્તારો તેમજ હોટલો અને હાઈવે રોડ પર આવેલ ટોલપ્લાઝાના સીસીટીવી કેમેરા રેકોર્ડીંગનું સઘન એનાલિસિસ હાથધરી બાતમીદારો સક્રિય કરી ટેકનીકલ સર્વલન્સ અને આ રીતે ચોરી કરનાર ગેંગ અંગે માહિતી પ્રાપ્ત કરતા ચોરી કરનાર ગેંગ મધ્યપ્રદેશના મનસોર અને નિમચ જીલ્લાની હોવાનું બહાર આવ્યું હતું. અરવલ્લી જીલ્લા એલસીબી PI સી.પી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ એલસીબી PSI એમ.બી.ભગોરા અને તેમની ટીમને મધ્યપ્રદેશ મનસોર જીલ્લાના ડોડીયામીણા પંથકમાં પડાવ નાખી આરોપીઓને ઝડપી પાડવા પોલીસે ક્યારેક જીઈબીના કર્મચારી તો ક્યારેક શાકભાજીના ફેરિયા બની દિપક સિકંદર ઉર્ફે સિકુભોલારામ રાઠોડ (બછડા) ને અર્ટિગા કાર સાથે ઉઠાવી લેતા ખૂંખાર આરોપીના મોતિયા મરી ગયા હતા પોલીસે દિપક પાસેથી ૨૨ હજારથી વધુના સોના-ચાંદીના દાગીના અને ૪૦ હજાર રોકડ રકમ સાથેનો મુદ્દામાલ કબ્જે કરી અન્ય આરોપીઓને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

જન્મદિને વધામણી



શૈલેષભાઈ એસ. ભાટિયા
પ્રમુખ, જાયન્ટ ગ્રુપ બાયડ
બાયડ જીલ્લો અરવલ્લી

પરજીત પરેશભાઈ પટેલ
સ્વામિનારાયણ સોસાયટી
વિભાગ-૧
બાયડ જીલ્લો અરવલ્લી